**UDHNA COLLEGE**

**TY BCOM SEM 5**

**BUSINESS ADMINISTRATION**

**CH 1 વેદાન્તિક સંચાલન (VEDANTIK MANAGEMENT)**


૧૮.૧ પ્રસ્તાવના

૧૮.૨ વેદાન્ત એટલે શું ?

૧૮.૩ વેદાન્તિક વારસાનો સંચાલનમાં ઉપયોગ

૧૮.૪ ભારતમાં વેદાન્તિક સંચાલકીય પદ્ધતિઓને ઉપયોગ

૧૮.૫ વિદેશોમાં વેદાન્તિક સંચાલકીય પદ્ધતિઓને ઉપયોગ

૧૮.૬ વૈદાન્તિક સંચાલકીય પદ્ધતિઓ ફાયદા અને મહત્ત્વ

૧૮.૭ સંચાલન અને ગીતા

૧૮.૮ કૌટિલ્યના સંચાલકીય બોધપાઠ

૧૮.૯ સારાંશ


**૧૮.૧ પ્રસ્તાવના**

વર્તમાન સમયમાં ઉદ્યોગોનાં સંચાલકો માટે સંચાલનકાર્ય પડકારરૂપ બની રહ્યું છે. વિશ્વ એક ગામડું બની ગયું છે. જેમાં માહિતી પ્રસારણની ટેકનોલોજીએ અપ્રતિમ ફાળો આપ્યો છે. વૈશ્વિક પર્યાવરણની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર કોઈપણ દેશનાં સંચાલકીય સિદ્ધાંતો કે સંચાલકીય વિજ્ઞાન પર પડતી જોવા મળે છે. વર્તમાન સંચાલકોએ માત્ર વૈજ્ઞાનિક સાધનો અને પદ્ધતિઓનો ઉપયોગ સંચાલકીય સફળતા માટે કરવાનો પ્રયત્ન કર્યા છે. છતાં પણ કેટલાંક સંચાલકીય પ્રશ્નો વણઉકેલ્યા અને પડકારમય બન્યા છે. સંચાલનમાં સાંસ્કૃતિક મૂલ્યોને મહત્ત્વ આપવામાં આવ્યું છે, એટલે કે સંચાલકીય સાહિત્યની મર્યાદા ઊભી થઈ છે. સંચાલનમાં "જ્ઞાન"નો આધાર લેવામાં આવી રહ્યો છે. જે જ્ઞાન સનાતન હોય, વિશ્વનાં કોઈપણ સ્થળે, સમયે અને કક્ષાએ એક અને માત્ર એકજ અર્થ કે સમજૂતી ધરાવતા આવા જ્ઞાનનાં વિવિધ સ્વરૂપો જાણવા ભારતીય જ નહિ પણ વિશ્વના સમર્થ સંચાલકોએ ભારતનાં પૌરાણિક સાહિત્યનાં પાનાઓ ઉથલાવ્યા છે. જેમાં વેદાન્ત સાહિત્ય, ભગવદ્ગીતા, ચાણક્યનાં સૂત્રો, મહાભારત વગેરેનો સમાવેશ થાય છે અને તેમાંથી પોતાની સંચાલકીય સમસ્યાઓને ઉકેલવાનો પ્રયાસ કર્યો

છે. જ્ઞાનના સર્વોત્તમ, અલૌકિક અનન્ય અને અખૂટ ભંડારસમા આ પૌરાણિક સાહિત્યને સંચાલન (ઔદ્યોગિક) સાથે પ્રત્યક્ષ સંબંધ નથી પરંતુ તેનાં સત્યો, સમાજ રચના, સિદ્ધાંતોનો સૃષ્ટિ સંચાલનમાં જેમ ઉપયોગ થાય છે તેમ ઔદ્યોગિક સંચાલનમાં કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

ઉપરોક્ત હેતુથી વેદાન્ત સાહિત્યનો પણ ગહનપૂર્વક અભ્યાસ કરવમાં આવ્યો છે, અને તેમાંથી પ્રાપ્ત થતાં સંદેશાઓને સીધા જ સંચાલકીય વ્યવસ્થા સાથે સાંકળીને સંચાલનને પણ પવિત્રતા બક્ષી છે. પ્રસ્તુત પ્રકરણમાં વેદાન્ત સાહિત્યનાં પ્રાથમિક સંદેશાઓ, ભગવદ્ગીતા અને ચાણક્યના સૂત્રોનો સંચાલકીય પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

### ૧૮.૨ વેદાન્ત એટલે શું ?

વેદાન્ત જ્ઞાનની પરાકાષ્ઠા છે. તે હિન્દુ સંસ્કૃતિના ઋષિમુનિઓના પવિત્ર ચાતુર્યનો અર્ક છે. પરમ સત્યનાં શોધકોનાં આદ્યાત્મિક અનુભવોનો નિચોડ છે. વેદાન્ત એટલે વેદનો અંત અને ચારેય વેદોના સનાતન સત્યોનો ઊંડાણ ભર્યો અભ્યાસ ઋષિમુનિઓએ ઉપનિષદોમાં કર્યો હોવાથી ઉપનિષદોને વેદાન્ત કહેવામાં આવે છે.

વૈદિક સાહિત્ય હિંદુ ધર્મનો પાયો છે. તેમાં મુખ્ય ચાર સાહિત્યનો સમાવેશ થાય છે. ચાર વેદ, આરણ્યકો, બ્રહ્મસૂત્રો અને ઉપનિષદો જેમાં ઉપનિષદને વેદોનો અર્ક કહેવામાં આવે છે. આથી જ કહેવામાં આવ્યું છે કે :

वेदानां ज्ञान गर्भाणां सारं सारं सुचिन्तितम् । तत्त्व रूपेण हि यत्रेव वेदान्तेषु निरूप्यते ॥

વૈદિક સાહિત્યના અંતમાં ઉપનિષદો આવતા હોવાથી તેને વેદાન્ત કહેવામાં આવે છે. ઉપનિષદનો અર્થ **ઉપ**(પાસે) + **નિ** (નજીક) + **ષદ**(બેસવું) એટલે કે ઈશ્વર પાસે જે જ્ઞાન સ્થિર કરે છે તેને ઉપનિષદ કહેવામાં આવે છે.

હિંદુઓએ પોતાનો ધર્મ વેદોના સાક્ષાત્કાર દ્વારા પ્રાપ્ત કર્યો છે. હિંદુઓ માને છે કે વેદોને આદિ કે અંત નથી. આદિ કે અંત વગરનો ગ્રંથ કેવી રીતે હોઈ શકે ? વેદો એટલે કોઈ ગ્રંથો નથી. ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન વ્યક્તિઓએ શોધેલા આધ્યાત્મિક નિયમોની તે સુગ્રથિત મંજૂષા છે. ગુરુત્વાકર્ષણનો નિયમ શોધાયા પહેલાં પણ તે હતો અને સમસ્ત સજીવસૃષ્ટિ તેને ભૂલી જશે તો પણ તે કાર્યરત હશે

જ. તે રીતે આધ્યાત્મિક જગતને લાગું પડતાં આ નિયમો પણ સનાતન છે. આમ, વેદો એટલે કોઈ પુસ્તકો નહિ. માનવનાં અંતરના અને વિશ્વનાં ઊંડાણની ગહનતાને લગતા કેટલાંક સત્યો ઉપનિષદનાં ઋષિઓએ તારવ્યા છે અને તે વેદોમાં સંઘરાયેલા છે. પોતે જે કહે છે તે માનવાનું તેઓ કહેતા નથી, પણ આપણી જાતે એ સત્યોની ખોજ કરવા તેઓ જણાવે છે. સત્ય અને તત્વ એ વેદાન્તની પરિભાષાના મહત્ત્વનાં શબ્દો છે. સત્ય સત્ય છે. તત્વ એટલે "વસ્તુનું મૂળ સ્વરૂપ" જે ઊંડી ખોજ પછી હાથ લાગ્યું છે. વેદાન્ત માન્યતા નહિ ? અનુભવ પર ભાર મૂકે છે. સનાતન ધર્મની સર્વવ્યાપકતા સમજાવે છે.?

**વેદાન્તના મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ છે** :

**(૧) બ્રહ્મ અંતિમ સત્ય છે.** તે સિવાય બીજું કોઈ જ સત્ય નથી. બ્રહ્મ અસ્તિત્વ, સભાનતા કે મંગલ - અમંગલનાં સંદર્ભથી તદન નિરપેક્ષ છે. આ પરમ સત્યો રૂપ, ગુણ, વર્તનથી પર છે. તેનો આરંભ અને અંત પણ નથી. પરમ સત્ય એટલે કે બ્રહ્મ અપરિવર્તનીય છે, કાલાતીત છે અને સ્થલાતીત તથા કાર્યકારણની શૃંખલાથી પર છે. પણ આ વિશાળ અને અનંત બ્રહ્મ માયારૂપી અલૌક્કિ શક્તિ દ્વારા વિશ્વરૂપે અને તેમાં સજીવસૃષ્ટિ રૂપે રમમાણ થાય છે. આમ એક બ્રહ્મ અનેક સ્વરૂપે પ્રગટ થાય છે. જ્યારે બ્રહ્મનું માયા સાથે સંયોજન થાય છે ત્યારે તે ઈશ્વર કે ભગવાન કહેવાય છે.

**(૨) મૃગજળનાં સતત બદલાતાં પાણીનાં ભ્રમની જેમ વિશ્વ દ્રશ્ય રીતે સતત બદલાતું રહે છે.** આપણે સ્થળ, કાળ અને કાર્યકારણ દ્વારા તેને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. સ્થળનો સંદર્ભ સ્વરૂપ સાથે સંકળાયેલો છે. કાળનો સંદર્ભ વિચાર શક્તિની શરૂઆત સાથે સંકળાયેલો છે. કાર્યકારણની શૃંખલા વિચારને મર્યાદિત કરે છે. વ્યક્તિ જ્યારે નિદ્રાવસ્થામાં કે સમાધીમાં સરી પડે છે ત્યારે આ રમણીય અને વાસ્તવિક વિશ્વ વ્યક્તિની સભાનતામાંથી અદ્દશ્ય થઈ જાય છે, અને જાગૃત અવસ્થામાં તે પાછું દૃશ્યમાન થાય છે અને એટલે હકીકતમાં તો આ વિશ્વ મનમાં જ રહેલું છે.

**(૩) બધાં મનુષ્યો દૈવી સ્વરૂપ છે.** આત્મા તે સ્થાયી ભાવ છે, જે અનંત, સનાતન, શુદ્ધ, પ્રકાશિત, મંગલ અને મુક્ત છે. આત્મા બધી રીતે બ્રહ્મનું જ સ્વરૂપ છે. તેથી જ મનુષ્યો પાપ કરતા નથી. તેનાથી ભૂલ થઈ શકે છે અને અજ્ઞાનતાથી છેલી ભૂલને લીધે તેણે સહન કરવું પડે છે. જેમ પ્રકાશ

ફેલાવાથી અંધકાર દૂર બાય છે તેમ શાનનાં ઉદય સાથે અજ્ઞાન દૂર થાય છે. બંધન અને મુક્તિએ બંને બાંનસિક વિભાવનાઓ છે. બંધન અને નબળાઈનો વિચાર કરીને વ્યક્તિ કમજોર અને બંધનયુક્ત બને છે. શક્તિ અને મુક્તિનાં વિચારો કરીને વ્યક્તિ શક્તિશાળી અને મુક્ત બને છે. ગુલામી કોઈને પસંદ હોતી નથી, કારણ કે ગુલામી પીડાકારક છે. સાચો આનંદ મુક્તિમાં રહેલો છે અને વેદાન્ત ઘોષણા કરે છે કે આનંદ સમગ્ર પ્રાણીસૃષ્ટિનો સ્થાયી ભાવ છે. માનવજીવનનું લક્ષ ઇશ્ચ પદ પ્રાપ્ત કરવાનું છે અને ધર્મનું કામ મનુષ્યનાં આંતરિક જીવનમાં દૈવિપણાને ઊજાગર કરવાનું કે બહાર લાવવાનું છે.

**(૪) મનુષ્યની આંતરિક ચેતનામાં આ દિવ્યતા કઈ રીતે પ્રગટ થઈ શકે ?** આ માટે વેદાન્ત ચાર પ્રકારના યોગ સૂચવે છે :

(૧) કર્મયોગ - એટલે નિઃસ્વાર્થ કર્મનો માર્ગ

(૨) જ્ઞાનયોગ એટલે કે જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ

(૩) રાજયોગ એટલે કે સાધનાનો માર્ગ અને

(૪) ભક્તિયોગ એટલે કે શ્રદ્ધાનો માર્ગ.

આમાં ''યોગ' શબ્દ આત્મા અને પરમાત્માનું મિલન સૂચવે છે. અથવા તો જીવ અને શિવનું મિલન સૂચવે છે.

**(૫) સત્ય શાશ્વત, સર્વવ્યાપી અને અનન્ય છે** : તેને કોઈ જાતિ, દેશ, લિંગ કે વ્યક્તિમાં સિમિત કરી શકાય નહિ. વિશ્વનાં બધા જ ધર્મો એક જ સત્યને જુદી જુદી ભાષામાં, જુદી જુદી રીતે વ્યક્ત કરે છે. જેમ સૂર્ય કોઈની મિલકત નથી એમ સત્ય પણ કોઈ એક જ ધર્મ કે તત્ત્વજ્ઞાન પૂરતું સિમિત હોઈ શકે નહિ. સૂર્યને કોઈ ખ્રિસ્તી સૂર્ય, હિન્દુ સૂર્ય, બુદ્ધિસ્ટ સૂર્ય, યહુદી સૂર્ય કે ઈસ્લામિક સૂર્ય કહી શકે નહિ. વેદાન્ત તે આગળ જતા બધા જ ધર્મોની સુસંવાદિતતાને પ્રસ્થાપિત કરે છે. જે રીતે જુદી જુદી નદીઓ, જુદા જુદા મૂળમાંથી નીકળીને સમુદ્રને મળે છે. ત્યારે તેમનાં નામ અને સ્વરૂપ વિલીન થઈ જાય છે. એ રીતે જુદાં જુદાં મનુષ્યો તેમની જુદી જુદી આસ્થારૂપે જુદાં જુદાં ધર્મો પાળતા હોય પણ તે અંતિમ રીતે તો ઈશ્વરમાં એટલે કે શાશ્વત સત્યમાં વિલીન થાય છે.

આમ, વેદાન્તનાં વિચારો સર્વત્ર એકસમાન છે. તે કાયમી અસ્તિત્વ ધરાવે છે. વેદાન્તનાં વિચારોનું પાલન કરવાથી પવિત્ર પર્યાવરણ ઊભું થાય છે. વેદાન્તનાં સંદેશાઓ સત્યનું જ ગાન કરે છે. આ

સત્યગાનને માનવી પોતાનાથી શરૂ કરીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનાં વિવિધ અંગોમાં વૈધિક અને અવૈધિક વ્યવહારને પૂર્ણ કરવા માટે કરી શકે છે. વર્તમાન સમયમાં ભારતનાં ઉદ્યોગોએ પણ પોતાના સંચાલકીય પ્રશ્નોના ઉકેલ માટે વેદાન્તનો સહારો પ્રાપ્ત કર્યો છે, અને ઉદ્યોગોમાં પવિત્ર વાતાવરણ ઊભું કર્યું છે. કાર્યસ્થળ ને પૂજાસ્થળ બનાવ્યું છે.

**૧૮.૩ વેદાન્તિક વારસાનો સંચાલનમાં ઉપયોગ**

ભારતનાં ભવ્ય અને વૈભવી જ્ઞાનનાં ભંડારસમા વેદાન્તોનાં દિવ્ય સંદેશાઓનો ઉપયોગ સંચાલકીય સમસ્યાઓના નિરાકરણમાં કરવાનો પ્રયત્ન ભારત સહિત વિશ્વના ઘણાં બધાં દેશોએ કર્યો છે. સંચાલકીય પરિભાષામાં વેદાન્તના સંદેશાઓનાં અમલ કરવા માટેના કેટલાંક ઉદાહરણોની ચર્ચા નીચે છે.

**(૧) આત્મા સર્વ શક્તિનું મૂળ છે.**

(आत्मना विन्दते वीर्यम् : २ : ४)

વેદાન્તનો મહત્ત્વનો પ્રથમ સંદેશો એ છે કે દરેક વ્યક્તિમાં રહેલ આત્મા બ્રહ્મનું જ સ્વરૂપ છે. બ્રહ્મ સત્ય છે, જ્ઞાન છે, અનંત છે. તે જ્ઞાન, અસ્તિત્વ અને પરમાનંદ પ્રકૃતિ (સત્-ચિત્-આનંદ) ધરાવે છે. દરેક વ્યક્તિ તેજ હેતુથી દૈવી સ્વરૂપ ગણાય છે.

ઔદ્યોગિક એકમનાં વ્યવસ્થાપકોએ પણ પોતાના કર્મચારીઓને પોતાનામાં રહેલ બ્રહ્મસમાન ગણીને જ તેની જાળવણી કરવી જોઈએ કે તેમની સાથે તેવો વ્યવહાર કરવો જોઈએ. જ્યારે વ્યવસ્થાપક કે નેતા તેના કર્મચારીઓમાં આ સંદેશનું સિંચન કરે કે તેઓ સર્વશક્તિનું મૂળ છે. અગાઢ શક્તિઓ ધરાવે છે ત્યારે તેઓની કામગીરીમાં તેઓ શ્રેષ્ઠતા પામી શકે છે. વેદાન્તનો આ સંદેશ વ્યક્તિનાં આંતરિક જીવનના દૈવીપણાને પણ બહાર લાવે છે.

વેદાન્તનો આ સંદેશ નિરંતર વેદાન્તિક શિક્ષણ અને સમજણ દ્વારા નેતા અને કર્મચારીઓને આપી શકાય છે. વેદાન્તિક વાચન સામગ્રી, વૈદાન્તિક ચર્ચા સભાઓ, પરિષદો કે વ્યાખ્યાનોની કર્મચારીઓ માટે સવલતો ઊભી કરવામાં આવી શકે છે.

**(૨) સર્વ કલ્યાણ**

વર્તમાન સંચાલકીય વ્યવસ્થાનો મુખ્ય હેતુ કે લક્ષ્યાંક મહત્તમ નફાકારકતાનો છે જેમાં મૂલ્યો અને નીતિમત્તાનો હ્રાસ થાય છે. ઔદ્યોગિક વ્યવસ્થાનો હેતુ સ્વકેન્દ્રી બની રહ્યો હોય એવું જ લાગે છે. જાપાનની મત્સુશીતા ઈલેક્ટ્રીક કંપનીએ જાપાનમાં સર્વપ્રથમ મૂલ્યો આધારિત સર્વકલ્યાણનો સર્વહિત-રાષ્ટ્રહિતનો વિચાર મૂક્યો હતો. પરંતુ ભારતીય વેદાન્તિક તત્ત્વજ્ઞાનમાં આ વિચાર પ્રાચીન સમયથી સમાયેલો જ છે. દરેકના આત્માનું અલૌકિક બ્રહ્મ સાથે નિરંતર જોડાણ છે જ. બ્રહ્મ એ આત્મામાં સ્થાપિત છે જ. તેથી પોતાને માટે કાર્ય નહિ પણ બીજા માટે કાર્ય કરવું એ વેદાન્તનો સંદેશ છે. સ્વકેન્દ્રી ઉદ્યોગોએ સામાજિક જવાબદારીનો પ્યાલ સ્વીકાર્યો છે તે મૂળભૂત રીતે વેદાન્તિક ફિલસૂફીનો સંદેશ છે. ભગવાન બેને સંદેશ પણ જણાવે છે કે "બહુજન હિતાય - બહુજન સુખાય' સાથોસાથ જૈન ફિલોસોફીનો સંદેશ પણ “પરોપકાર” અને “પરહિત ચિંતા” નો પરિચય આપે છે.

છાંદોગ્ય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે પરમાનંદ મર્યાદિત હિતો સાથે સંકળાયેલું નથી. આનંદ પરમાનંદ અનંત છે. સર્વકલ્યાણ સાથે પરમાનંદને સંબંધ છે.

यो वै भूमा तत्सुखं नाल्ये सुखमस्ति भूमैव सुखम् ।    - छान्दो. ७-२३

**(૩) અનન્ય કાર્ય સંસ્કૃતિ (પર્યાવરણ)**

ભારતીય ફિલસૂફી કાર્યને સાધના કે ફરજ ગણે છે. મોટાભાગની સ્મૃતિ (યુગ ધર્મ ફિલસૂફી)માં કાર્યને સાધના તરીકે ગણવામાં આવી છે. કોઈપણ કાર્ય ઊંચું નથી કે નીચું નથી. કાર્યનો હેતુ વ્યક્તિઓમાં રહેલા દૈવી તત્ત્વને બહાર લાવવાનો છે. કાર્યને પરમ તત્ત્વ, બ્રહ્મન કે ભગવાનને ધરવાની પ્રસાદીરૂપ માનવામાં આવે છે. આ પ્રકારનો પ્રયોગ આપણાં કેટલાંક ઔદ્યોગિક સંસ્થાનો એ કર્યો છે કે જેઓ કર્મચારીને આવી કાર્ય સંસ્કૃતિ સમજાવી શક્યા છે.

**(૪) કાર્ય કૌશલ્ય અને માનસિક સ્વસ્થતા**

કોઈપણ કાર્યને ફક્ત કાર્ય તરીકે નિહાળો કાર્યને તેના કોઈ પરિણામલક્ષી વિચારોથી કરવા નહિ. માત્ર કાર્ય જ મહાન છે અને તે સિવાયની તમામ બાબતો ભૂલી જાવ. સફળતા કે નિષ્ફળતાનો પણ વિચાર મહત્ત્વનો નથી. માની લોકે કાર્યાન્તે સફળતા મળતી નથી તો શું ? એક વ્યવસ્થાપક તરીકે સ્થિર મને, સ્વસ્થતાથી પરિણામને સ્વીકારો. આ સમયે માનસિક પુખ્તતા બતાવો. આપની

સ્વસ્થતા અને સમતુલાથી તે (કામદાર) પુનઃ કોઈપણ પડકારને ઝીલવા તૈયાર થશે. માનસિક સ્વસ્થતાથી તે ઊંડુ આત્મ નિરીક્ષણ કરવા પ્રેરાશે અને કાર્ય ક્યાં ખોટું છે ? શા માટે ? તેના પરિણામો મેળવશે. અને ફરી વખત પોતાનામાં રહેલા આત્માને ઢંઢોળીને તેની સહાયથી અનંત શક્તિથી કાર્ય કરશે.

योगः कर्मषु कौशलम् समत्वम् योग उच्यते।

**(૫) ઈરાદાઓ અંત જેટલાં જ મહત્ત્વના છે.**

કોઈ પણ કાર્ય માટે આપણાં ઈરાદાઓ પણ પરિણામ કે અંત માટે જવાબદાર છે. પ્રમાણિક અને બિનનુકસાનકારક ઈરાદાઓ અપેક્ષિત પરિણામો મેળવવા માટે કરવા તે પણ ભારતીય ફિલસૂફીની વિરુદ્ધ છે. સામાજિક રીતે સ્વીકૃત મૂલ્યોનો પણ હેતુ નિર્ધારણ અને હેતુપ્રાપ્તિની પ્રક્રિયા નિર્ધારણ વખતે વિચાર કરવો કે તેને અનુસરવા જરૂરી છે. કોઈપણ વ્યક્તિને અપ્રમાણિકતા,ભ્રષ્ટાચાર પસંદ નથી.તેનું આચરણ કરનારાઓ પણ બીજા પાસે પ્રામાણિકતાની આશા રાખે છે.એ આપણી પ્રકૃતિ છે. જ્યારે આવા શુદ્ધ અને પ્રમાણિક ઇરાદાઓની પસંદગી કરવાની રહે ત્યારે વ્યવસ્થાપકને તેની સાથેના કર્મચારીઓ તરફથી માન, વફાદારી, ઉત્સાહ અને સહકાર મળશે જ.

**(૬) ભૌતિક આબાદી અને આધ્યાત્મિક સિદ્ધિઓની વહેંચણી**

ૠગ્વેદનાં ૠષિઓએ કોર્પોરેટ જગતને સ્પર્શતો એક મહત્ત્વનો મંત્ર આપ્યો છે. "પ્રાર્થનામાં સમાનતા અંતમાં સમાનતા લાવશે. હેતુઓમાં સમાનતા ચર્ચા વિચારણામાં સમાનતા લાવશે, અપેક્ષાઓમાં સમાનતા તમારા હૃદયોમાં સમાનતા લાવશે, તમારા ઈરાદાઓમાં એકરૂપતા તમારા જોડાણોમાં સચોટતા લાવશે."

વર્તમાન સંચાલન કામદારો સાથેના હુંફાળા સંબંધો ઉપર ભાર મૂકે છે. ઉપરોક્ત બાબત તેના ઉપર અત્યંત ભાર મૂકે છે. જો વ્યવસ્થાતંત્રનાં હેતુઓ કે ધ્યેયોની સ્થાપનામાં કામદારોને પૂર્ણ ચર્ચા વિચારણામાં સમ્મેલિત કર્યા હોય તો તે બધાના દિલો (મન, હૃદય) ચોક્કસપણે સાથે રહેશે અને ઈરાદાઓમાં સમાનતાથી એકમ/વ્યવસ્થાતંત્રના તમામ સભ્યો વચ્ચે ઉત્તમ સંગઠન સ્થપાશે.

ભારતમાં વૈદિક પ્રાર્થના કરવામાં આવે છે.

ॐ सहना ववतु, सहनौ भुनक्तु

सहवीर्यम् करवावहै।

तेजस्विनावधीतमस्तु मा विद्विषावहे

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

જેના અર્થ મુજબ "ચાલો સૌ સાથે મળીને શીખીએ, ચાલો સાથે મળીને આપણાં જ્ઞાનનાં ફળો કે પરિણામોને આનંદથી માણીએ, ચાલો આપણે સૌ સાથે રહીને મજબૂત/શક્તિમાન બનીએ."

**(૭) કાર્ય સ્થળે માનવી અને વેદાન્ત**

સંચાલન સાથે સરસ રીતે ઉપયોગમા લઈ શકાય તેવો ખ્યાલ "રાજર્ષિ'નો વેદાન્તમાં જોવા મળે છે. રાજર્ષિ એટલે એવી વ્યક્તિ કે જે રાજ (સત્તા) અને ઋષિ (આધ્યાત્મિક)ની સમતુલા જાળવીને શાસન કરે છે. તે એમ માને છે કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરનારી વ્યક્તિ જો તેનો આધ્યાત્મિકતાને ધ્યાનમાં રાખીને ઉપયોગ કરશે તો તે બીજાનાં હિતમાં કે લોકોના હિતમાં વાસ્તવમાં અર્થપૂર્ણ બનશે.

સ્વસંચાલન (self-management)ને પણ વેદાન્તમાં મહત્ત્વની બાબત તરીકે જોવા મળે છે. વ્યક્તિએ (વ્યવસ્થાપકે પોતાની જાતને સૌ પ્રથમ નિયમાધિન કરવી જરૂરી છે. રાજર્ષિ ખ્યાલ મુજબ વ્યવસ્થાપક પોતે રાજા પણ હોવો જોઈએ અને ઋષિ પણ હોવો જોઈએ, જે પોતાની જાતને સંભાળી શકે છે. ત્યારબાદ તે પોતાના જૂથને અસરકારક નેતૃત્વ આપવા સક્ષમ બની શકે છે. નેતાગીરીનાં મહત્ત્વનાં ગુણો વેદાન્ત ફિલસૂફીમાં જણાવ્યા છે.

(૧) તંદુરસ્ત જીવન, ફિલસૂફી, સ્વસ્થ અને સમતુલિત મન.

(૨) પોતાનાં ધ્યેયો માટે સ્પષ્ટ સમજૂતી અને તે મુજબની પોતાની ભૂમિકા વ્યક્તિગત કક્ષાએ, વ્યવસ્થાતંત્રની કક્ષાએ કે સામાજિક કક્ષાએ હોવી જરૂરી છે.

(૩) સારા ચિકિત્સક જેવાં ગુણો જેવા કે લાગણીશીલ, હેતુલક્ષી અને યોગ્ય પગલાં લેનાર હોવો જોઈએ.

નેતાની ભૂમિકા વ્યવસ્થાપક તરીકે, પ્રોત્સાહનકર્તા તરીકે, નેતા તરીકે અને પરિવર્તન અભિકર્તા તરીકેની હોવી જરૂરી છે.

સ્વસંચાલન માટે વેદાન્ત નીચેની હકીકતો જણાવે છે.

(૧) સ્વજાતે સંતુષ્ઠ/સંતોષી બનો.

(૨) કોઈપણ પ્રકારનાં ફળની અપેક્ષા વિના પૂર્ણ ધ્યાનથી કાર્ય કરો.

(૩) વિરોધાભાસી પરિબળો/જોડી પ્રત્યે સમતુલા જાળવો. (દુઃખ-સુખ, પ્રાપ્તિ-ગુમાવવું, હાર-જીત)

(૪) યોગ્ય માનિસક વલણોને વિકસાવો.

**(૮) વ્યક્તિ (કર્મચારી) સંચાલન**

કર્મચારી સંચાલન માટે નીચેના સિદ્ધાંતોની ચર્ચા વેદાન્તમાં કરવામાં આવી છે :

(૧) તમે જે કરો છો તેમાં તમોને પ્રેમ અને રસ હોવા જોઈએ.

(૨) વ્યવસ્થાતંત્રમાં કાર્ય કરતાં તમામ લોકોની કાળજી રાખો.

(૩) કર્મ કરો અને હક પ્રત્યે ધ્યાન કેન્દ્રિત ન કરો.

(૪) એવાં પ્રકારની માહિતી સંચાલનની વ્યવસ્થા ઊભી કરો કે જેમાં લોકો પોતાની બાબત સમજવા કે સમજાવવા મુક્ત બની શકે.

નેતાગીરીની ભૂમિકા ભજવનાર, વ્યક્તિએ દીર્ઘદ્રષ્ટિ, સતત ગતિશીલતા, બીજા પ્રત્યે માન, બીજાઓ પ્રત્યે ભોગ અને કાર્યસ્થળને પૂજાસ્થળ બનાવવાનાં ગુણો વિકસાવવા જરૂરી છે.

**(૯) મનોસંઘર્ષ/મનોભાર/દબાણ/તનાવ સંચાલન**

કોઈપણ આંતરિક કે બાહ્ય પરિબળોની અસર માનસ પર ઉપર ચિંતિત રીતે અંકાય કે જેની અસરથી વ્યક્તિનાં વર્તન અને વિચારમાં બિનઅપેક્ષિત ફેરફાર આવે તે મુખ્યત્વે નકારાત્મક હોય છે. તેને તનાવ કહેવામાં આવે છે. (પ્રકરણ ચાર) વેદાન્તિક ફીલસૂફી પ્રમાણે તનાવનિવારણ માટે નીચેની બાબતોનો પ્રયોગ આવશ્યક છે :

(૧) પોતાનામાં રહેલી શ્રેષ્ઠ શક્તિઓનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરો અને નબળાઈઓથી ઉપર ઉઠો. સ્વજાતથી સંતોષી બનો.

(૨) બાહ્ય પરિસ્થિતિ કે ઘટકોને જવાબદાર ન ગણો. સંપૂર્ણ પુખ્તતા અને સ્વસ્થતાથી તેને સ્વીકારો.

(૩) કાર્યને સાધના તરીકે સ્વીકારો.

(૪) કર્મયોગને સમજો અને તે મુજબ વર્તન/કાર્ય કરો.

**(૧૦) બે પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિ**

કોઈપણ વ્યક્તિ પાસે બે પ્રકારની જ્ઞાનની પ્રાપ્તિ હોવી જરૂરી છે. બાહ્ય શ્રેષ્ઠતા અને આંતરિક શ્રેષ્ઠતા. ભૌતિક વિજ્ઞાનના જ્ઞાનથી વ્યક્તિ પોતે બાહ્ય વિઘ્નોનો સામનો કરી શકે છે અને આંતરિક - આધ્યાત્મિક જ્ઞાનથી તે પવિત્ર જીવન આંતરિક-જીંદગી જીવી શકે છે.

વ્યવસ્થાપકોએ આ બાબત પણ સમજવા જેવી છે. પોતે આધ્યાત્મિક શ્રેષ્ઠતા મેળવી, સ્વસ્થતાથી આંતરિક શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે અને તેનો અમલ તે નેતાગીરીમાં પણ કરી શકે છે, અને બાહ્ય જ્ઞાનથી તે બાહ્ય પ્રશ્નો ઉકેલવામાં સરળતા મેળવી શકે છે.

## ૧૮.૪ ભારતમાં વેદાંતિક સંચાલકીય પદ્ધતિઓનો ઉપયોગ

સંચાલન એ સાર્વત્રિક વિષય છે: ભારતમાં સંચાલનનાં તમામ ક્ષેત્રોમાં વેદાન્તિક સંચાલકીય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં ઔદ્યોગિક સંગઠનો (કંપનીઓ), બિનનફાકારક સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ કે ખુદ સરકારને પણ સમાવેશ થઈ રહ્યો છે.

ભારતમાં વેદાન્તિક વારસાને સંચાલનમાં ક્રાંતિકારી રીતે ઉપયોગમાં લેવાની આવશ્યકતા પણ ઊભી થઈ છે અને તેની શુભ શરૂઆત પણ જોવા મળે છે. સંચાલકીય શ્રેષ્ઠતા મેળવવા માટે

પશ્ચિમી વિચારધારાઓ ઉપર આધાર રાખવાને બદલે ભારતીય વેદાન્ત સાહિત્યની સમજણપૂર્વકની સ્વીકૃતિથી પ્રશ્નોનું નિરાકરણ લાંબાગાળાની પ્રક્રિયાથી પણ ઉત્તમ રીતે મેળવી શકાશે જ.

ભારતમાં વૈદિક પ્રાર્થનાઓ, વૈદિક સંસ્કૃતિનું પાલન કરાવવામાં નિમિત બની છે. અનન્ય કાર્ય સંસ્કૃતિનું પાલન અહીંથી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, એર ઇન્ડિયા, સહારા ઇન્ડિયા, ગુજરાત અંબુજા સિમેન્ટ તથા ટાટા જૂથની મોટાભાગની કંપનીઓમાં કરવામાં આવે છે. આ કંપનીઓમાં વેદાન્તિક પ્રાર્થનાઓ ઉપરાંત યોગનાં શિક્ષણને પણ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. કલ્યાણકારી યોજનાઓ કરવામાં આવી રહી છે. સામાજિક જવાબદારીના ખ્યાલને સારી રીતે વ્યવહારમાં મૂકવામાં આવી રહ્યો છે. સામાજિક અને વૈદિક મૂલ્યોનો સહારો સંચાલનમાં લેવામાં આવે છે.

ભારતમાં સંચાલકીય શિક્ષણમાં પણ વેદાન્તિક ખ્યાલને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. આ ખ્યાલોને શિક્ષણમાં લેવાનો હેતુ સંચાલનની નવી વિચારધારાઓ વિકસાવવાનો છે. જેથી જાપાનીઝ અને અમેરિકન વિચારધારાઓનો ઉપયોગ ઘટાડી શકાય છે.

ભારતની કેટલીક કંપનીઓએ સંચાલકીય શ્રેષ્ઠતા માટે વેદાન્તનો સહારો લીધો છે. જેમાં તાતા સ્ટીલ, બજાજ ઓટો જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓનો પણ સમાવેશ કરી શકાય છે. મુંબઈની એક્સલ ઇન્ડસ્ટ્રીઝએ પોતાના મુદ્રાલેખમાં આ બાબત સ્વીકારી છે. જેમાં “ઉદ્યોગ એ માનવીમાં રહેતી શ્રેષ્ઠતાનો દેખાડ છે.” નો સમાવેશ થાય છે.

સંચાલકીય ક્ષેત્ર તરીકે લશ્કરમાં નિયમિતપણે યોગને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. સાથોસાથ સરકારી ક્ષેત્રોમાં પણ તેનું જ્ઞાન ફેલાવવાનો પ્રયત્ન યોગ અને વ્યાખ્યાનો વગેરે માધ્યમથી કરવાનો પ્રયત્ન થાય છે. આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રીએ પોતાના આઈ. એ. એસ. અધિકારીઓ અને ધારાસભ્યોને પણ યોગ તાલીમ આપવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. વિવિધ રાષ્ટ્રીકૃત બેંકોએ પણ પોતાના કર્મચારીઓને વેદાન્તિક સિદ્ધાંતો અને અમલીકરણનો પરિચય મેળવવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક મુખ્ય છે.

બિનનફાકારક સંસ્થાઓએ પણ પોતાની પ્રવૃત્તિના વ્યાપમાં વેદાન્તિક સિદ્ધાંતોનો ઉમેરણ કરીને જનકલ્યાણની ભાવનાને વિકસાવી છે. જેનું મુખ્ય અને સર્વોત્તમ ઉદાહરણતો રામકૃષ્ણ મિશન છે.

**૧૮.૫ વિદેશોમાં વેદાંતિક પદ્ધતિઓનો સંચાલકીય ઉપયોગ**

ભારતના વેદાન્તિક વારસાનો સંચાલકીય પદ્ધતિમાં ઉપયોગ કરવાનો શ્રેય અમેરિકા અને જાપાનને સૌપ્રથમ મળે છે.

અમેરિકામાં ઘણાં બધાં ઔદ્યોગિક ગૃહોએ યોગને તેની કાર્યપ્રવૃત્તિમાં સ્વીકાર કર્યો છે. જનરલ ફુડ કોર્પોરેશન, જનરલ ઈલેક્ટ્રીક કંપની, મોટોરોલા, ઈન્ટેલ જેવી મોટી કંપનીઓએ જ્ઞાનને વિસ્તૃત રીતે સ્વીકારવામાં પ્રયત્નો કર્યા છે. અમેરિકામાં એક જ પ્રોજેક્ટ પર વધુ વિદ્વાનો અને તજજ્ઞોને નિયુક્ત કરીને જ્ઞાનનો લાભલેવાનો પ્રયત્નો કર્યો છે. ભૂલ કરનારને હીરો ગણવાની સંસ્કૃતિ વિકસાવી છે. કારણ કે જે કામ કરશે તે જ ભૂલ કરે છે અને કામમાં થયેલ ભૂલમાંથી સતત શિક્ષણ મેળવીને તેનો લાભ એકમને આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

જાપાનની કંપનીઓએ તો ભારતીય વારસાનો ઉપયોગ કરવામાં તીવ્ર ગતિ પકડી છે. सहवीर्यम् करवावहेના ઋગ્વેદનો મંત્ર પકડયો છે. એકબીજામાં વિશ્વાસ, વર્ગ વિહિનતા, શિસ્ત, નિસ્વાર્થપણું, વફાદારી અને જવાબદારીથી જાપાને સંપૂર્ણ ગુણવત્તા સંચાલન અને શૂન્ય ખામી સંચાલનનો ખ્યાલ વિકસાવ્યો છે.

જાપાનનાં મુખ્ય સૂત્ર તરીકે “હાઈ નિખોન બાન્ઝાંઈ” એટલે કે “લોંગ લાઈવ જાપાન'ને ગણવામાં આવે છે. આ ઉપરાંત ઝેન પદ્ધતિને પણ યોગની એક પદ્ધતિ તરીકે સ્વીકારે છે. જાપાનની ટોયોટો કંપની, મત્સુશીતા વગેરેએ પણ યોગ સાધનાને કાર્ય પદ્ધતિ તરીકે સ્વીકારી છે. નૈતિક મૂલ્યોનો પણ સંચાલનમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. જાપાનની મત્સુશીતા કંપનીનાં આધ્યાત્મિક મૂલ્યો નીચે મુજબ છે :

(૧) ઉદ્યોગ દ્વારા રાષ્ટ્રીય સેવા

(૨) વાજબીપણુ

(૩) સુસંવાદિતતા અને સહકાર

(૪) સારાંપણા માટે સતત સંઘર્ષ

(૫) વિવેક અને માનવતા

(૬) અનુકૂલન અને એકાત્મકતા

(૭) કૃતજ્ઞતા

**૧૮.૬ વેદાન્તિક સંચાલકીય પદ્ધતિઓ - ફાયદા અને મહત્ત્વ**

આગળ જોઈ ગયા પ્રમાણે વેદાન્ત સત્ય અને શક્તિનો જયજયકાર કરે છે. તે કોઈ ગ્રંથ નથી પણ જ્ઞાનનો ભંડાર છે. વેદાન્તમાં બ્રહ્મરૂપ સત્યનાં સિદ્ધાંતો આ સૃષ્ટિનાં ઋષિમુનિઓ દ્વારા શ્રુતિ તરીકે આલેખવામાં આવ્યા છે. તે સમગ્ર બ્રહ્માંડમાં સત્ય છે, એક છે. અને તેથી કૃત્રિમ વાસ્તવિકતા સ્વરૂપ પ્રયોગો સ્વીકારવાને બદલે જો વર્તમાન સમયમાં આપણાં જ વૈદિક વારસાનો અભ્યાસ કરીને તેમાના સત્યના સિદ્ધાંતોને સંચાલન કાર્ય પદ્ધતિમાં ઉપયોગમાં લેવામાં આવે તો ભારતીય સંચાલન વિશ્વરૂપમાં અદ્વિતીય બની શકે છે. ભારતીય ફિલસૂફી, મૂલ્યોનો સહારો વિદેશોમાં પણ લેવામાં આવી રહ્યો છે, અને ત્યારે આપણે જ આપણાં આ અમૂલ્ય વારસા તરફ બેદરકાર રહ્યા છીએ. વેદાન્તિક પદ્ધતિઓના ઉપયોગથી સંચાલનમાં કર્મચારી મહત્ત્વ અનન્ય રીતે જળવાય છે. બ્રહ્મનાં સ્વરૂપ તરીકે આત્માનો સ્વીકાર કરવાથી તેમાં રહેલી શ્રેષ્ઠ દિવ્યતાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી શકાય છે. સંચાલનમાં યશસ્વી નેતૃત્વ શક્તિનો વિકાસ કરી શકાય છે. સતત જ્ઞાનશીલતા તરફ નજર રાખે છે. કર્મચારી સંચાલન જેવાં મહત્ત્વનાં વિષયમાં રહેલા તનાવ, પ્રેરણા, સર્જનાત્મકતા, શ્રેષ્ઠતા, સ્વસંચાલન જેવા વિષયોને માર્ગદર્શન આપે છે.

એકમમાં અલૌકિક શ્રેષ્ઠતમ સંસ્કૃતિનું સર્જન થઈ શકે છે. જ્યાં મૂલ્યોના આધારથી બજાર, કામદારો, સપ્લાયર, ગ્રાહકો વગેરેનો વિશ્વાસ જીતી શકાય છે. સામાજિક જવાબદારીઓનાં ખ્યાલનું વિસ્તૃતીકરણ કરી શકાય છે. કાર્યને પૂજા તરીકે ઓળખાવવાથી શ્રેષ્ઠ પરિણામો મેળવી શકાય છે. માનવીની શ્રેષ્ઠતાનો ઉપયોગ સર્વોત્તમ રીતે કરી શકાય છે. એકમમાં સુસંવાદિતતા, અનુકૂલન, માનવીય સંબંધો, પવિત્રતાનું વાતાવરણ ઊભું કરી શકાય છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે એકમ ખુલ્લી વ્યવસ્થાતંત્રીય સંરચના છે. તેથી એક પવિત્ર પર્યાવરણની અસર સંકળાયેલા અન્ય ઘટક ઉપર રહેવાની જ છે. તેથી ભૂલાયેલા ભારતીય મૂલ્યો કે તત્ત્વોની પુનઃ સ્થાપના થઈ શકે છે. આવા શ્રેષ્ઠ ઘટકોનાં આખરી સંયોજનો ભારતમાં પણ મૂલ્યોની સ્થાપના તેના સાચા અર્થમાં કરાવી શકશે.

**૧૮.૭ સંચાલન અને ગીતા**

શ્રીમદ્ ભગવદ્ગીતાએ સર્વ વેદો અને શ્રુતિઓનો સાર છે. ગીતા સમસ્ત વેદાર્થસાર સંગ્રહ હોઈ અદ્વિતીય છે તેવી બાબત "ગીતાભાષ્ય'ની પ્રસ્તાવનામાં શંકરાચાર્યજીએ જણાવી છે. ગીતામાં વેદાન્તના સંપૂર્ણ સંદેશને પૂર્ણતઃ વ્યવહારું રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે. ગીતાસંદેશનાં બે મહત્ત્વનાં પાત્રો શ્રીકૃષ્ણ અને અર્જુન છે. કુરુક્ષેત્રની રણભૂમિમાં મધ્યમાં શ્રીકૃષ્ણએ અર્જુનને આપેલો બોધપાઠ છે. સદીઓ જૂના આ મહાકાવ્યની યથાર્થતા આજે પણ છે. એટલા માટે કે તે પરમ સત્યનું તત્ત્વ લોકભાષામાં સમજાવે છે. ઘરમાં, કાર્યાલયમાં, કારખાનામાં, શિક્ષણ સંસ્થામાં, રાજકારણમાં કે ગમે ત્યાં વ્યક્તિ કાર્ય કરતી હોય, શ્રીકૃષ્ણ દરેકને ખ્યાલમાં રાખીને બોધપાઠ આપે છે. સર્વત્ર વસતા સર્વ જનસમુદાયને સંબોધન કરવામાં આવ્યું છે. કોઈ એક રાષ્ટ્રના કે ધર્મના લોકોને નહિ, કર્મના તત્ત્વજ્ઞાન મારફતે તે આધ્યાત્મિક માર્ગને ચીંધે છે.

ગીતાનો મર્મ બુદ્ધિયોગની વાત કરે છે. ધર્મનું થોડું પણ આચરણ મનુષ્યને મોટા ભયમાંથી બચાવે છે. સર્વને આવરી લેતા યોગના અંગ તરીકે ભક્તિયોગ,ધ્યાનયોગ અને કર્મયોગનો ઉલ્લેખ છે. કર્મ ભક્તિથી પ્રેરાવું જોઈએ, ધ્યાનથી સ્થિર થવું જોઈએ અને જ્ઞાનથી તેને દિશા પ્રાપ્ત થવી જોઈએ. ચારિત્ર્યનાં એકાંગી વિકાસને ટાળવો જોઈએ. યોગ્ય ફિલસૂફી દ્વારા સુથિત સ્વારિને લક્ષમાં રાખી કોઈ વ્યક્તિ પોતાનાં ચારિત્ર્યમાં એક કે વધારે યોગ પર ભાર આપી શકે છે.

અર્જુનને સંદેશ આપતા શ્રીકૃષ્ણ આગળ જણાવે છે કે આપણે સૌ કર્યો કરતા રહીએ છીએ. આપણને સૌને કાર્ય કરવાનું છે અને એ દ્વારા આપણો નિર્વાહ કરવાનો છે અને સમાજનું નિવર્હણ કરવાનું છે. કામધંધો મૂકીને સન્યાસી થવાની જરૂર નથી. તે વ્યવહારું નથી. તારું કામ કુશળતાથી કર મનને સમતોલ રાખીને કર. તારા કર્મો દ્વારા સામાજિક કલ્યાણ માટે તારે ઉત્પાદક અને સેવા કાર્યનો શ્રમ કરવો જોઈએ. તારા કર્મો દ્વારા તારે વધારે પવિત્ર અને વધારે ઉદાત્ત થવું જોઈએ અને

તારાં અંતરમાં રહેલી દિવ્યતાને પ્રગટ કરવી જોઈએ. તારા કર્મો દ્વારા, તારા અનંત આત્મા ભણી એક ડગલું નજીક જવું જોઈએ. જો આમ થાય તો કર્મ આધ્યાત્મિક સાધાનાનું સોપાન બની શકે. કર્મકૌશલ મનનાં સમત્વનું ફળ છે. ધૂંધળું મનકુશળ બની શકે નહિ. અંદરનું દિવ્ય તત્ત્વ વ્યક્ત થાય છે ત્યારે કાર્ય કરતા, ગમે તેવું કાર્ય કરતાં પણ શ્રમ લાગતો નથી અને વ્યક્તિત્વ શક્તિ વિકસે છે. માનવીને પ્રવૃત્તિમય જીવન જીવતા અને સખત પરિશ્રમ કરતા સમત્વ શીખવે છે.

ગીતામાં ધર્મને ફરજ તરીકે ગણવામાં આવે છે. કર્મની ઉપર ભાર મૂકે છે. કર્મ પ્રવૃત્ત મનુષ્ય આધારિત તત્ત્વજ્ઞાન છે. પૂજા કે બીજા વિધિ વિધાનોમાં રત કે ધ્યાનમાં બેસતા લોકો પર નહીં. સમાજનું કલ્યાણ પ્રવૃત્તિથી પરિણમી શકે છે. સંનિષ્ઠ પરિશ્રમથી જ “અભ્યુદય” નીપજી શકે છે.

ગીતાસંદેશ કોઈ એક ક્રોમ, જાતિ કે સંપ્રદાય માટે નથી. બધા માનવીઓ માટે છે. બધા પ્રાણીઓ માટે સાચું સામાજિક કલ્યાણ અને આધ્યાત્મિક મુક્તિ મેળવવાનું સાધન છે.

ગીતાનો આ સંદેશ કોર્પોરેટ ક્ષેત્રનાં સંચાલન માટે પણ મહત્ત્વનો છે. કર્મ પ્રવૃત્તિ અને સામાજિક કલ્યાણની ભાવનાથી સંચાલન શ્રેષ્ઠતા મેળવી શકે છે. દરેક કર્મચારીમાં દિવ્ય સ્વરૂપ છે તેને ઓળખીને સંચાલન વ્યવહાર કરે તો તેના કૌશલ્યને ખીલવી શકે છે. કામ-પ્રવૃત્તિ ફરજને દિવ્ય તત્ત્વ સમક્ષ રાખીને કામ કરવામાં શ્રમ પડતો નથી. તે બાબતોનો ખ્યાલ કામદારો માટે પણ મહત્ત્વનો છે. નેતાગીરીના ઉત્તમ ગુણોની ચર્ચાનો સંદેશ ગીતામાંથી મળી શકે છે, નેતા માટે તે જણાવે છે કે નેતા જે કાર્ય કરે છે તેને અન્ય વ્યક્તિઓ અનુસરે છે તેથી નેતા ઉત્તમ હોવો જોઈએ.

ગીતામાં અભિપ્રેરણા/પ્રોત્સાહનનો પણ મહત્ત્વનો સંદેશ છે. વ્યક્તિને તેની આંતરિક શક્તિના માધ્યમથી જ અભિપ્રેત કરી શકાય છે. કાર્ય જ મહત્વનું પરિબળ છે. "તમે કાર્ય કરો અને પરિણામની ચિંતા મારા ઉપર છોડો પરિણામની કાળજી હું રાખીશ.” મહત્ત્વનું ઉત્સાહપ્રેરક વિધાન છે. સંચાલનને અપેક્ષા હોઈ શકે છે. પણ કાર્ય વખતે માત્ર કાર્ય જ મહત્ત્વનું છે. પરિણામની ચિંતા નિષ્ફળતા પણ અપાવી શકે છે.

ગીતા એ તત્વજ્ઞાનનો ગ્રંથ છે. દરેક દિશાઓ, હેતુઓ, મૂલ્યોનો ગ્રંથ છે. તેથી તે બધા જ પ્રશ્નોનો ઉકેલ સમજણ પૂર્વકના અભ્યાસ દરમિયાન આપી શકે છે. આ વિશાળ અને મહત્ત્વપૂર્ણ

અલૌકિક ગ્રંથની ચર્ચાપૂર્ણ પુસ્તકની રચના માંગી શકે છે. અહીં તો ફક્ત તેના મહત્ત્વના નિચોડરૂપ સારનો જ ઉલ્લેખ કર્યો છે.

**૧૮.૮ કૌટિલ્યનાં સંચાલકીય બોધપાઠ**

આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં ચંદ્રગુપ્તનાં રાજ્યમાં કૌટિલ્ય મંત્રી હતા. રાજાએ રાજ્યનું સંચાલન કઈ રીતે કરવું જોઈએ તેના વિષે તેમના દ્વારા લખાયેલા ગ્રંથમાં ૧૫૦ પ્રકરણો સામેલ છે. વર્તમાન ઔદ્યોગિક કંપનીઓની સંચાલન વ્યવસ્થા કોઈ એક રાજ્યની સંચાલન વ્યવસ્થા સાથે મળતી જ આવે છે. કૌટિલ્યના આ અર્થશાસ ગ્રંથમાના કેટલાંક પ્રાથમિક સૂચનો ચોક્કસપણે વર્તમાન વ્યવસ્થાપક સાથે સાંકળી શકાય છે.

આવી સૌપ્રથમ મહત્ત્વની બાબત કૌટિલ્ય જણાવે છે કે રાજ્યનાં કાર્યકારિણી વ્યવસ્થામાં દરેક કક્ષાએ ફરજની ચોક્કસ વ્યાખ્યા (કાર્ય વર્ણન) નક્કી હોવી જોઈએ. તેનાથી નિરીક્ષણ કરતાં કોઈને પણ કામમાં સ્વર્ગ લાગે છે, આનંદ મળે છે. આ સ્વર્ગ કે આનંદ બીજું કશું નથી પણ હેતુઓ કે પરિણામોની સિદ્ધિ માટેના દિશાસૂચિત પ્રયત્નો છે. ગુલામો કે દાસો કામ કરવા માટે મુક્ત પણ હોવા જરૂરી છે. તેઓને બદલા તરીકે યોગ્ય સંપત્તિ કે જમીન આપવી જોઈએ.

કાર્યનાં બદલામાં ચોક્કસ અને યોગ્ય વળતરની સાથે ખોટા કામ માટે સજાની પણ જોગવાઈ હોવી જોઈએ. રાજાએ કાર્યનું નિરીક્ષણ કરવું જોઈએ અને ખોટાં કામને સંમતિ કે પરવાનગી ન આપવી જોઈએ. રાજાની દૃષ્ટિએ કોઈપણ ઊંચ કે નીચ હોવો જોઈએ નહિ. મહત્ત્વના, ઓછા મહત્ત્વના અને મહત્ત્વ વિનાના વ્યક્તિઓ પણ રાજા માટે મહત્ત્વનાં હોવા જોઈએ નહિ. તેણે સત્યતા, માન, દ્વેષમુક્ત, કરુણા,સહિષ્ણુતાનું પાલન કરવું જોઈએ. તેણે પોતાનાં માનસમાં આબાદીનો વિચાર તથા વાણી અને વર્તનમાં કાળજી રાખવી જોઈએ.

કોઈપણ ઔદ્યોગિક સામ્રાજ્યનાં વ્યવસ્થાપકોએ ઉપરોક્ત તમામ બાબતોને પોતાનાં વહીવટ અને સંચાલનમાં ધ્યાનમાં રાખવી જરૂરી છે. માત્ર કાગને આધારે જ મૂલ્યાંકન થવું જોઈએ. હાનિકારકતા દૂર કરવી જોઈએ. મનસિક દેઢતાનો આધાર લેવો જોઈએ. બદલાતા જતાં માનસિક વલણો કોઈ ને કોઈ કટોકટી કે દુ:ખ ઊભા કરે છે.કોઈપણ વહીવટના હેતુઓ નીચે મુજબ હોય છે :

(૧) કોઈપણ વસ્તુની પ્રાપ્તિ કરવી પણ સ્વામીત્વ નહિ.

(૨) જે વસ્તુનું સ્વામિત્વ મળ્યું હોય તેની સુરક્ષા કરવી.

(૩) સુરક્ષિત વસ્તુમાં વૃદ્ધિ કરવી.

(૪) કરુણામયી માણસને તે વસ્તુ અર્પણ કરવી.

આ જ બાબતોને વર્તમાન વ્યવસ્થાતંત્રના વ્યવસ્થાપકો સાથે પણ સાંકળી શકાય છે. તે મુજબ,

(૧) નવી સંપત્તિઓનું સર્જન કરવું

(૨) ચાલુ સંપત્તિઓને (સાધનોને) યોગ્ય ઉપયોગમાં લેવી.

(૩) ચાલુ સંપત્તિઓમાં વૃદ્ધિ/વિંકાસ કરવો (મૂલ્ય વર્ધિત)

(૪) મૂલ્યવૃદ્ધિ બાદ તેનું વાજબી વિતરણ કરવું.

છેલ્લી બાબત માર્કેટીંગ અને નફા વહેંચણી સાથે સંબંધ ધરાવે છે. તે બાબત રાજા (અથવા વ્યવસ્થાપક) સાથે નહિ પણ તેની લાયકાત ધરાવતા વ્યક્તિ સાથે એ સંબંધમાં પ્રયોજાય છે કાર્યની ઉત્તમ કામગીરી જ તે માટે નિર્ણાયક બની શકે છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સોટીના ઉપયોગને પણ વારંવાર બતાવવામાં આવે છે. (સોટી એટલે શિક્ષા કરવા માટે ઉપયોગમાં લેવાતી સોટી - પાતળો સળિયો વગેરે) રાજાએ લોકજીવનની જાળવણી માટે સોટીનો ઉપયોગ કરવો જોઈએ. પણ તે માટે કેટલીક ચેતવણીઓ પણ આપી છે. જેમ કે સોટીનો અયોગ્ય ઉપયોગ આતંક વધારે છે. તે સંયમી પુરુષ, પતિ, સન્યાસીઓને પણ ગુસ્સો કરાવે છે. મધ્યમસરનો ઉપયોગ અવજ્ઞા કરાવે છે. અને જરૂરિયાત પૂરતો ઉપયોગ માન વધારે છે. આધ્યાત્મિક સુધારો લાવે છે અને ઈન્દ્રિયોને સુખ આપે છે. રાજાએ નબળાનું રક્ષણ કરવું જોઈએ.

તાલીમ અને શિસ્ત પ્રયોગ પણ રાજાએ યોગ્ય માટે કરવો જોઈએ. શિસ્તબદ્ધ રાજાએ (વ્યવસ્થાપકે) બીજાનાં કલ્યાણ માટે કાર્ય કરવું જોઈએ. સંચાલન માટે બહુ મહત્ત્વની બાબત સ્વયંશિસ્ત અને બીજાનાં કલ્યાકારી ભાવનાની છે. શિસ્ત ઇન્દ્રિયોના સંયમથી મેળવી શકાય છે.

જેનાથી રાજા કામેચ્છા, મિથ્યાભિમાન, ઘમંડ, લાલસા, ગુસ્સો અને અવિચારીપણાથી ઉપર ઉઠે છે. રાજા એ (વ્યવસ્થાપકે) પોતાની ઈન્દ્રિયો ઉપર અંકુશ મેળવવો જોઈએ. અને તે માટે યોગ સાધના, ચિંતન, મનન અને સમાધિની પ્રક્રિયા મદદરૂપી થઈ શકે છે.

ઈન્દ્રિયો ઉપરના અંકુશ માટે રાજા નીચેની બાબતોનો ઉપયોગ પણ કરે છે.

(૧) વડીલો સાથેના સંપર્કથી બુદ્ધિમત્તાને કેળવવી જોઈએ.

(૨) જાસુસોની આંખો જેમ સતત ચકોર નજર રાખવી જોઈએ.

(૩) પોતાની સ્વફરજોનું પાલન કરવું.

અહીં વડીલો સાથેનો સંપર્ક વાસ્તવમાં જ્ઞાન સાથેનો સંપર્ક સૂચવે છે. યોગ્ય જવાબદારીનું પાલન દરેક દ્વારા થાય છે કે કેમ તે માટે કાયમી તકેદારી રાખવી જોઈએ. રાજાએ (વ્યવસ્થાપકે) કોઈ પણ બાબતને તપાસ વિના મંજૂરી ન આપવી જોઈએ. ખુદ રાજા (વ્યવસ્થાપક) પણ પોતાની ફરજમાંથી મુક્ત ન બને. જે રાજા (વ્યવસ્થાપક) આવી બેદરકારી દાખવે તે શિસ્તબદ્ધ નથી. બિનપ્રવૃત્ત રાજા (વ્યવસ્થાપક) વિશ્વાસ ઊભો કરી શકતો નથી.

કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આગળ જતા કર્મચારી પસંદગી કેવી રીતે કરવી, તેઓને કેમ અંકુશિત રાખવા અને કેવી રીતે વળતર આપવું તેની પણ ચર્ચા કરે છે. દરેક કાર્ય માટે ચોક્કસ ગુણો અને લાયકાતો તારવો. સ્વાભાવિક રીતે તે બીજા કાર્યથી જુદાં જ હોવાના. તેમની કામગીરીનાં મૂલ્યાંકનના ધોરણો નક્કી કરો. રાજ્યમાં બનતી ઘટનાઓની માહિતી કેટલા સમયમાં મળી જવી જોઈએ તે સમય નક્કી કરો. સમયસર માહિતી/અહેવાલ ન મોકલનાર મોટો ગુનેગાર બને છે. આ બાબત સંચાલકીય માહિતી વ્યવસ્થા સાથે સંકળાયેલી છે.

રાજાએ દરેક કર્મચારી ઉપર લાંચ, ભ્રષ્ટાચાર, બેદરકારી, તેના જુલમ કે દમન, પ્રપંચ વગેરે માટે સતત નજર રાખવી જોઈએ. યોગ્ય સમયે આ બાબતોને તપાસી લેવી જોઈએ. આ માટે જાત તપાસ અથવા આંખે દેખ્યો બીજાનો અહેવાલ મેળવવો જોઈએ. પોતાના મંત્રીઓને પણ ચકાસવા જોઈએ. રાજાએ માત્ર ધાર્મિક વડા/રાજગુરુના વચનોને અનુસરવા જોઈએ. રાજગુરુની નિમણુંક પહેલાં તેણે સકાળજી પૂર્વકની વિચારણા પણ કરવી જોઈએ.

વર્તમાન સમયમાં કંપનીઓના વ્યવસ્થાપકોએ પણ પોતાના ગ્રાહકો, કર્મચારીઓ અને અંતે સમાજના રક્ષણ માટે આ સિદ્ધાંતોનું પાલન શિસ્ત, સમતુલિત મન અને ઈન્દ્રિયો પરનો કાબુ મેળવીને કરવું જોઈએ.

**૧૮.૯ સારાંશ**

વર્તમાન સંચાલન વિજ્ઞાન જટિલ સમસ્યાઓનો સામનો કરી રહેલ છે. માત્ર આંતરિક સમસ્યાઓ જ નહિ પણ તેના સમસ્ત પર્યાવરણનાં પ્રશ્નોનો ઉકેલ મેળવવામાં સંચાલકો/વ્યવસ્થાપકો વ્યસ્ત છે, ત્યારે કોઈપણ વિજ્ઞાનના નિયમાં કે સિદ્ધાંતનો પ્રયોગ ખાતર અપનાવીને અખતરા કરવાને બદલે ભારતનાં સમૃદ્ધ વેદાન્તિક વારસાનો ઉપયોગ સંચાલનમાં કરે તો અખતરાને બદલે કાયમી ઉકેલ મળી શકે તેમ છે. વેદાન્ત, ગીતા કે અન્ય સાહિત્યો માત્ર જ્ઞાનને સત્યને જ મહત્ત્વ આપે છે દરેકના સંદેશાઓ અદ્વિતીય છે. સમજવામાં સહેલા છે અને દૃઢતાથી પાલન કરવામાં અઘરા નથી. વિદેશોમાં પણ આ ખ્યાલો પ્રચલિત બન્યા છે. તેઓએ ભારત ઉપર મીટ માંડી છે. ત્યારે આપણે તો તે સંસ્કૃતિનાં જ ઘટકો છીએ. તે માન્યતાનાં સમર્થક છીએ. એટલે ભારતીય માટે તે પડકાર નથી પણ આનંદદાયક છે. અત્યારે એમ કહેવામાં આવે છે કે જ્ઞાનની કિંમત છે. જ્ઞાની કર્મચારી (knowledge worker) એ એકમની મુખ્ય મિલકત છે. પણ જ્ઞાનનો આ મહિમા વિશ્વએ આજે જોયાં છે અને ભારતીય વેદાન્ત સાહિત્યએ હજારો વર્ષ પહેલા આપ્યો છે. એ સત્ય ત્યારે પણ સનાતન હતું આજે પણ છે અને વર્તમાન સજીવ સૃષ્ટિ અસ્તિત્વમાં નહિ હશે તો પણ રહેશે, કારણ કે સત્યને સીમા નથી તે અનંત છે.

સંચાલનમાં આ વૈદિક વારસાનો ઉપયોગ ભારતમાં પણ થવા લાગ્યો છે. ભારતીય સંચાલન માટે મોટો અને નવો વિષય નથી. મહાભારતનાં વ્યૂહો અને વ્યવસ્થાતંત્ર નીતિસૂત્રો આપણે જાણ્યા છે. બુદ્ધિ, જ્ઞાન અને સત્યનો અમલ સંચાલનમાં કરવાથી અપેક્ષિત પરિણામો ચોક્કસ મેળવી શકાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.